**<u>ફોજદારી કેસ નં.૧૯૦૩૫/૨૦૨૪</u>**

**અમદાવાદ (રુરલ)ના પાંચમા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં**

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ.

આરોપી : (૧) ક્રિષ્ણા પ્રતાપસિંહ સ/ઓફ હરેન્દ્રસિંહ,
(૨) રાહુલ સ/ઓફ અતુલકુમાર મોદી.

**<u>ગુન્હો : પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬ (૧) બી, ૯૮(૨), ૮૧ મુજબ</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧ ૬ (૧)બી, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીઓએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજામાંથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટની અંગ્રેજી દારૂ ની બોટલ નંગ–૧ ના મુદ્દામાલ સાથે મળી આવી, પકડાઈ જઈ, ગુનો કરેલ હોવાની ફરીયાદ અન્વયે તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો ગુનો બન્યાનું જણાઈ આવતા તેના વિરુધ્ધ હાલનું ચાર્જશીટ થયેલ છે.

(૩) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી ઓ આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીઓએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીઓની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીઓએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું

અને આરોપીઓની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ:

૧) આરોપીઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬ (૧) બી, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–(એક સો રૂપીયા પુરા )નો દંડ એમ કુલ (૨ આરોપી × ૧૦૦/– દંડ) = ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) અને દંડ ન ભરે તો વિકલ્પે ૧ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો નિયમાનુસાર અપીલ સમય પુર્ણ થયેલી નાશ કરવો તેમજ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રોકડ રકમ કબ્જે થયેલ હોય તો તે સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા જો મુદામાલ વાહન અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવો અને આ કામે અગાઉ હુકમ થયેલ ન હોય તો, સી.આર.પી.સી.કલમ–૪૫૨ મુજબ ઈન્કવાયરી કરી ધોરણસર કરવાનો રહેશે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ **લોક અદાલત**માં જાહેર કર્યો.

તા. ૧૪/૦૯/૨૦૨૪ (ડી.એમ.બાવીશી)
સ્થળ:– નવરંગપુરા,અમદાવાદ પાંચમા એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા
UIC NO GJ 01380

જી.એસ. મકવાણા